RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 27, Dt.12-04-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભર ઉનાળે ચોમાસુ!: ૧૪ રાજ્યોમાં વરસાદની આગાહી



## મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના ૩૯ જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ: હીટવેવ મામલે વડાપ્રધાને બેઠક યોજી: ગુજરાત સહિત કેટલાંક રાજ્યોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ આંબ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના બિહાર-રાજસ્થાન સહિત ૧૪ રાજ્યોમાં હવામાન વિભાગે આજે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, બિહાર, તેલંગાણા, કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને આંદામાન અને નિકોબાર ટાપુઓનો સમાવેશ થાય છે.

મધ્યપ્રદેશમાં, નર્મદાપુરમ, બેતુલ, નરસિંહપુર અને છિંદવાડા સહિત ૩૬ જિલ્લાઓમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા અને કરા પડવાનું રેડ એલર્ટ છે. ઉત્તરપ્રદેશના ૧૩ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહારના ૯ જિલ્લામાં આજે હળવા વરસાદની શક્યતા છે.

તેમજ, આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એક તરફ દેશમાં વરસાદી માહોલને કારણે તાપમાનનો પારો ગગડ્યો છે. આ સાથે જ કેટલાક વિસ્તારો એવા છે જ્યાં ભીષણ ગરમીની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગે કર્ણાટક અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં હીટવેવની આગાહી કરી છે.

ગુરુવારે મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ રાજસ્થાન, પૂર્વ ઉત્તર પ્રદેશ, ગુજરાત અને તમિલનાડુના કેટલાક જિલ્લાઓમાં ૪૦ થી ૪૩ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. આ તરફ, ડ્ઢખ મોદીએ ગુરુવારે ઉનાળાની ઋતુ અંગે રિવ્યુ મીટિંગ કરી હતી. જેમાં તેમણે હીટ વેવની સ્થિતિ માટે તૈયારીઓની સમીક્ષા કરી હતી અને કેન્દ્ર અને રાજ્ય સરકારની સંસ્થાઓને સાથે મળીને કામ કરવા જણાવ્યું હતું.

મધ્યપ્રદેશમાં નર્મદાપુરમ, બેતુલ, નરસિંહપુર, છિંદવાડા અને પાંઢુર્ણા સહિત ૩૬ જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ અને કરા પડવાનું રેડ એલર્ટ છે. તેમજ, વાવાઝોડા અને વરસાદી માહોલ આગામી ૪ દિવસ સુધી ચાલુ રહી શકે છે. આ પહેલા ગુરુવારે અનેક જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. ભોપાલમાં મોડી રાત્રે ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ થયો હતો. રતલામ, સાગર, છિંદવાડા, ઉજ્જૈન સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. રતલામમાં પણ કરા પડ્યા હતા.

બિહારના કેટલાક જિલ્લાઓને બાદ કરતા બાકીના ભાગોમાં આજે હવામાન શુષ્ક બની રહેશે. આગામી ૨૪ કલાક દરમિયાન આજે ૯ જિલ્લામાં હળવો વરસાદ સાથે ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ગુરુવારે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો, જ્યારે સિવાનના જીરાદેઈમાં તાપમાનમાં સામાન્ય વધારો થયો હતો. અહીં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

યુપીના ૧૩ જિલ્લાઓમાં આજે ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન ૩૦ થી ૪૦ કિમીની ઝડપે ધૂળની ડમરીઓ ઉડશે તેમજ ભારે પવન પણ ફૂંકાશે. કેટલીક જગ્યાએ કરા પણ પડી શકે છે. જો કે પૂર્વ યુપીમાં આજે વરસાદની કોઈ શક્યતા નથી. પશ્ચિમ યુપીમાં ૧૩ એપ્રિલે વરસાદ માટે રેડ એલર્ટ છે, જ્યારે પૂર્વ યુપીમાં પણ સારો વરસાદ થઈ શકે છે. આ દરમિયાન રાજ્યના ૩૫ થી વધુ જિલ્લાઓમાં વરસાદ પડવાની શક્યતાઓ છે.

ઝારખંડના પશ્ચિમ, દક્ષિણ અને મધ્ય ભાગોમાં આજે ઘણી જગ્યાએ વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે અહીં યલો એલર્ટ જાહેર કર્યું છે. આજે તાપમાન મહત્તમ ૩૨ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ ૨૧ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે. ઘણી જગ્યાએ પવનની ગતિ ૩૦ થી ૪૦ કિમીની વચ્ચે રહી શકે છે.

# દુકાનદાર ખરાબ સામાન પરત લેવાની મનાઈ કરી શકે નહીં: કન્ઝયુમર ફોરમમાં આ બાબતે ગ્રાહક ફરિયાદ કરી શકે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક વાર સામાન ખરીદ્યા પછી સામાન પરત લેવામાં નહીં આવે તેવી સૂચના કેટલીક દુકાનો પર લાગેલી હોય છે, અને એટલે જ ક્યારેક જયારે ગ્રાહકો કોઈ સામાન પરત કરવા જાય છે તો દુકાનદાર સામાન પરત લેવાનો ઇનકાર કરી દે છે. ગ્રાહકને પણ લાગે છે કે કપડાં કે સામાન જોઈ-વિચારીને જ ખરીદવો, નહીં તો સામાન ખરાબ નીકળવા પર આ દુકાનદાર પરત નહીં લે. પરંતુ એવુ નથી હોતું, દુકાનદાર સામાન પરત લેવાની મનાઈ ન કરી શકે. આજે અમે તમને આ નનો રિટર્ન પોલીસીથ વિશે માહિતી આપીશું.



તમને જણાવી દઈએ કે દુકાન પર લખવું કે નવેચાયેલો સામાન પાછો લેવામાં આવશે નહીંથ, એ ખોટું છે. કોઈ પણ દુકાન ખરાબ સામાન પાછો લેવાનો ઇનકાર કરી શકે નહીં. તમને ખરાબ સામાનને પાછો આપવાનો અધિકાર છે. જો તમે કોઈ વસ્તુ ખરીદી હોય અને તે ખરાબ નીકળે તો દુકાનદાર પાસે જઈને તમે તે વસ્તુનું રિપ્લેસ કે રિફંડ કરવા કહી શકો છો. આ તમારો ગ્રાહક તરીકેનો અધિકાર પણ છે. જો કોઈ દુકાનદાર તમને ખરાબ વસ્તુને બદલી આપવાનો ઈનકાર કરે કે પછી રિફંડ પણ ન આપે તો તમે તેની વિરૂદ્ધ કન્ઝ્યૂમર ફોરમમાં ફરિયાદ કરી શકો છો. કન્ઝ્યૂમર પ્રોટેક્શન એક્ટ હેઠળ જો કોઈ પણ સામાન ખરાબ નીકળે તો તેને ૧૫ દિવસમાં પરત કરી શકાય છે. ગ્રાહકને ખરાબ વસ્તુને બદલે રિફંડ માંગવાનો કે વસ્તુ રિપ્લેસ કરવાનો અધિકાર છે. જો તમારો સામાન ખરાબ નીકળે અને તેને દુકાનદાર પરત લેવાનો ઈનકાર કરે તો ૧૮૦૦૧૧૪૦૦૦ નંબર પર ફરિયાદ કરી શકાય છે, જેમાં તમારે દુકાનનું એડ્રેસ, તમે ખરીદેલી વસ્તુ સહિતની જાણકારી આપવાની હોય છે.

# ગુજરાતની ૨૬ સહિત ૯૪ લોકસભા બેઠકો માટે ચુંટણી જાહેરનામુ જારી

## ૭મી મે ના રોજ યોજાનારી ત્રીજા તબકકાની ચુંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ: તા.૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતની ૨૬ સહિત ૧૨ રાજયોની ૯૪ લોકસભા બેઠકોની ત્રીજા તબકકામાં યોજાનારી ચુંટણીનું જાહેરનામુ આજે જારી થવા સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચુંટણી માટે પણ જાહેરનામુ બહાર પડયુ છે.

દેશમાં સાત તબકકામાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પ્રથમ મતદાન ૧૯ એપ્રિલે યોજાવાનુ છે અને તબકકાવાર મતદાન માટે અલગ-અલગ પ્રક્રિયા આગળ ધપી જ રહી છે. આજથી ૭ મે એ યોજાનારી ત્રીજા તબકકાની ચુંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

ત્રીજા તબકકામાં કુલ ૧૨ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોની ૯૪ બેઠકો માટે ચુંટણી યોજાવાની છે તેમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે. આ સિવાય આસામની ૧૪, ઉતરપ્રદેશની




૧૦, બિહારની પાંચ, છતીસગઢની સાત, કર્ણાટકની ૧૪, મહારાષ્ટ્રની ૧૧ તથા મધ્યપ્રદેશની આઠ બેઠકોનો સમાવેશ થાય છે.

ત્રીજા તબકકાની ચુંટણીનુ જાહેરનામુ જારી થવા સાથે જ ફોર્મ ભરવાનું શરૂ થયું છે. ફોર્મ ભરવા, ચકાસણી, પાછા ખેંચવા સહિતની પ્રક્રિયા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. ચુંટણી જાહેરનામા અંતર્ગત આજથી ઉમેદવારીપત્રક ભરવાનું શરૂ થયુ છે અને ૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે. ૨૦મી એપ્રિલે ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે. ૨૨મી સુધી ફોર્મ પાછા ખેંચી શકાશે અને ૭મી મે ના રોજ મતદાન યોજાશે. ૪થી જૂને મતગણતરી થશે. ૬ જૂને સમગ્ર ચુંટણી પ્રક્રિયા પુર્ણ થશે.

ગુજરાત સહિત દેશભરમાં લોકસભા ચૂંટણી જાહેર થવા સાથે ગત માસથી જ આચારસંહિતા અમલી બની જ ગઈ છે. હવે ચુંટણી પ્રક્રિયા શરૂ થતા રાજકીય પક્ષો-નેતાઓનો પ્રચાર વધવાનું સ્પષ્ટ છે. રાજકીય પક્ષો તથા ચૂંટણી લડવા માંગતા અન્ય ઉમેદવારો હવે ફોર્મ ભરવાની પ્રક્રિયામાં વ્યસ્ત બનવાનું સ્પષ્ટ છે. ૨૨મીએ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ પ્રચાર પરાકાષ્ટાએ પહોંચવા લાગશે.ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધી ટકકર છે. ભાજપ દ્વારા તમામ ૨૬ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસે હજુ ૨૪માંથી ૪ ઉમેદવાર જાહેર કર્યા નથી. રાજકોટ, અમદાવાદ પુર્વ સહિત ચાર બેઠકોના ઉમેદવારનો પેચ હજુ ફસાયેલો છે. ગઠબંધનના ભાગરૂપે કોંગ્રેસે ભાવનગર તથા ભરૂચ બેઠકો આમ આદમી પાર્ટીને ફાળવી હોવાનું ઉલ્લેખનીય છે. 'આપ' દ્વારા અગાઉથી જ બન્ને બેઠકોના ઉમેદવાર નકકી કરી દેવાયા હતા.

સૂત્રોના કહેવા પ્રમાણે ૨૨મીએ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થવા સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને ટોચના રાજકીય નેતાઓના ચુંટણી પ્રચાર પ્રવાસ શરૂ થઈ જવાના નિર્દેશ છે. વડાપ્રધાન ગુજરાતના ચારેય ઝોનમાં એક-એક જાહેરસભા યોજે તેવા નિર્દેશ છે. રાજકોટમાં ઉમેદવાર પરસોતમ રૂપાલાનો વિવાદ સમવા રાજયમાં પ્રસર્યો હોવાથી તેઓની પ્રચાર શરૂઆત રાજકોટથી થઈ શકે છે.

**પાંચ બેઠકોની પેટા ચૂંટણી માટે પણ નોટીફીકેશન**

ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોની સાથોસાથ ખાલી પડેલી પાંચ વિધાનસભા બેઠકો માટે પણ ૭મી મે ના રોજ પેટાચૂંટણી યોજાવાની છે અને તેનુ નોટીફીકેશન પણ આજે જારી કરવામાં આવ્યુ હતું. પોરબંદર, માણાવદર, વાઘોડીયા, વિજાપુર તથા ખંભાત એવી પાંચ બેઠકોના ધારાસભ્યોએ રાજીનામા આપીને પક્ષપલ્ટો કર્યો હતો. આ પાંચેય બેઠકોમાં પેટાચૂંટણી થવાની છે.

# હોસ્પિટલોમાં દર્દીઓના સ્વાસ્થ્ય સાથે રમત: ICMR રિપોર્ટમાં દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ ખુલાસો કર્યો છે કે લગભગ ૪૫ ટકા ડોક્ટરો અધૂરી પ્રિસ્ક્રિપ્શન લખી રહ્યા છે, જે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે સીધો ખેલ કરી રહ્યા છે. સંસ્થાનું કહેવું છે કે ઓપીડીમાં દર્દીઓને પ્રારંભિક તબીબી સલાહ આપતા ડોકટરો તેમની ઉતાવળમાં ખૂબ જ બેદરકારી દાખવે છે. ૧૩ જાણીતી સરકારી હોસ્પિટલોના સર્વે બાદ તૈયાર કરવામાં આવેલા ICMRના આ રિપોર્ટ બાદ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આ બેદરકારીને રોકવા માટે કડક પગલાં લઈ શકે છે.



વર્ષ ૨૦૧૯ માં, ICMR એ દવાઓના તર્કસંગત ઉપયોગ પર એક ટાસ્ક ફોર્સની રચના કરી, જેની દેખરેખ હેઠળ ઓગસ્ટ ૨૦૧૯ થી ઓગસ્ટ ૨૦૨૦ વચ્ચે ૧૩ હોસ્પિટલોની ઘડઉ માં સર્વે કરવામાં આવ્યો. તેમાં મુખ્યત્વે દિલ્હી AIIMS, સફદરજંગ હોસ્પિટલ, ભોપાલ AIIMS, બરોડા મેડિકલ કોલેજ, મુંબઈ GSMC, સરકારી મેડિકલ કોલેજ, ગ્રેટર નોઈડા, ઈખઈ વેલ્લોર, PGI ચંદીગઢ અને ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ, પટનાનો સમાવેશ થાય છે. આ હોસ્પિટલોમાંથી કુલ ૭,૮૦૦ દર્દીઓના પ્રિસ્ક્રિપ્શન લેવામાં આવ્યા હતા. તેમાંથી ૪,૮૩૮ની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨,૧૭૧ પેપરમાં ખામીઓ જોવા મળી હતી. આશ્ચર્ય ત્યારે થયું જયારે ૪૭૫, એટલે કે લગભગ ૯.૮% પ્રિસ્ક્રિપ્શનો સંપૂર્ણપણે ખોટા હોવાનું જણાયું. આ એવી સ્થિતિ છે જેને સ્વીકારી શકાય તેમ નથી. એવું પણ જોવામાં આવ્યું હતું કે મોટાભાગના દર્દીઓને પેન્ટોપ્રાઝોલ, રેબેપ્રાઝોલ-ડોમ્પેરીડોન અને એન્ઝાઇમ દવાઓ લેવાની સલાહ આપવામાં આવી હતી, જયારે ઉપલા શ્વસન માર્ગના ચેપ અને હાઈ બ્લડ પ્રેશર માટેની પ્રિસ્ક્રિપ્શનો સૌથી ખોટી હોવાનું જણાયું હતું.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ ૧૯૮૫ માં તર્કસંગત પ્રિસ્ક્રિપ્શનો સંબંધિત આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકા લાગુ કરી હતી. છતાં એવો અંદાજ છે કે વિશ્વભરમાં ૫૦ ટકા દવાઓ દર્દીઓને અયોગ્ય રીતે આપવામાં આવે છે. મોટાભાગના દર્દીઓને ખબર નથી હોતી કે તેમને કઈ દવા કઈ સમસ્યા માટે આપવામાં આવે છે અને કેટલા સમય સુધી લેવી પડે છે? તેથી, ક્લિનિકલ પ્રેક્ટિસમાં દર્દીઓની સારવાર સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ. રિપોર્ટ અનુસાર, વિશ્લેષણ કરાયેલા ૪૭૫ પેમ્ફલેટમાંથી, તે સંપૂર્ણપણે ખોટા હોવાનું જણાયું હતું, જેમાંથી કેટલાક અમેરિકા અને કેટલાક બ્રિટનના માર્ગદર્શિકા પર આધારિત છે.

# પ્રોવિડન્ટ ફંડ માટે વેતન મર્યાદા રૂા.૨૧૦૦૦ કરવાની સરકારની તૈયારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં આગામી સમયમાં સંગઠીત અને બિન સંગઠીત ક્ષેત્રના કામદારો અને કર્મચારીઓ માટે આશિર્વાદ રૂપ પ્રોવિડન્ટ ફંડમાં હાલ જે રૂા.૧૫૦૦૦ની પગાર મર્યાદા છે તે વધારીને રૂા.૨૧૦૦૦ કરવા મોદી સરકાર વિચારણા કરી રહી છે.

છેલ્લે ૨૦૧૪માં આ સીમા રૂા.૬૫૦૦થી વધારીને રૂા.૧૫૦૦૦ કરવામાં આવી હતી. જયારે કર્મચારી વિમા યોજના જેને ઈએસઆઈસી તરીકે ઓળખવામાં આવે છે તેના લાભાર્થી બનવા માટે વેતન મર્યાદા રૂા.૨૧૦૦૦ છેક ૨૦૧૭માં કરવામાં આવી હતી. ૧૯૫૨માં કર્મચારીઓને નિવૃતિ પછી આર્થિક-સામાજીક સુરક્ષા તરીકે આ યોજનાનો અમલ શરુ કરાયો હતો.

જેમ જેમ પગાર ધોરણો ઉંચા જતા ગયા તેમ તેમ તેમાં લાભાર્થી તરીકે જોડાવાની સમય સીમા મર્યાદા પણ વધારવામાં આવી હતી. હવે જયારે દેશના મોટાભાગના રાજયો લઘુતમ વેતનધારા અને લઘુતમ મજુરીના દરો પણ રૂા.૧૮૦૦૦ થી રૂા.૨૫૦૦૦ જેટલા છે તે સમયે પ્રોવિડન્ટ ફંડ જેવી યોજના રૂા.૧૫૦૦૦ની મર્યાદા અત્યંત નીચી ગણવામાં આવે છે અને તેથી તેના પર વિચારણા થઈ રહી છે. એક તરફ નવી પેન્શન યોજના સામે દેશભરમાં વિરોધ છે અને તેમાં સરકાર સુધારા કરવા માટે આગળ વધી રહી છે તે સમયે આ પ્રોવિડન્ટ ફંડ યોજનાના લાભાર્થીની વેતન મર્યાદા વધારવાની વધુ મોટી સંખ્યામાં કર્મચારીઓને તેમાં જોડી શકાશે.

# સોના-ચાંદીમાં ફરી રેકોર્ડ બ્રેક તેજી, ટોચની સપાટી નોંધાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વૈશ્વિક સ્તરે સોના-ચાંદીમાં આજે ફરી રેકોર્ડ બ્રેક તેજી જોવા મળી છે. સ્પોટ સોનુ ૨૪૧૨.૯૦ ડોલર પ્રતિ ઔંશની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું છે. જ્યારે સ્પોટ ચાંદીએ પણ ૨૯.૦૩ ડોલર પ્રતિ ઔંશની ઐતિહાસિક ટોચ નોંધાવી છે. સ્થાનિક સ્તરે એમસીએક્સ ખાતે પણ કોમોડિટી માર્કેટ ખૂલતાંની થોડી જ ક્ષણોમાં સોનાની કિંમત ૧૦ ગ્રામ દીઠ રૂા. ૭૨૬૭૮ અને ચાંદી કિગ્રા દીઠ રૂા. ૮૪૧૦૨ની નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી.

એકબાજુ અમેરિકાના ફુગાવાના આંકડા અપેક્ષા કરતાં વધુ નોંધાતા રેટ કટની શક્યતાઓ ઘટી હતી. જો કે, ગઈકાલે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ડેટા અપેક્ષા કરતાં સુધારા તરફી રહેતાં ફેડ દ્વારા આ વર્ષે રેટમાં ઘટાડો થવાનો સંકેત મળ્યો છે. લેબર ડિપાર્ટમેન્ટ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અર્થશાસ્ત્રીઓની ૦.૩ ટકા વૃદ્ધિની અપેક્ષા સામે માર્ચમાં ૦.૨ ટકા વધ્યો હતો. બીજી બાજુ વૈશ્વિક સ્તરે વધતી જિયો-પોલિટિકલ ક્રાઈસિસના કારણે રોકાણકારો સેફ હેવન તરફ રોકાણ વધારી રહ્યા છે.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે રાજકીય તણાવના પગલે ક્રૂડ ૯૦ ડોલર પ્રતિ બેરલની સપાટી વટાવી ગયુ છે. નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ મધ્ય-પૂર્વીયમાં વધી રહેલા તણાવ અને ઓપેક દ્વારા જૂન સુધી ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન કરવાના નિર્ણયના પગલે ક્રૂડમાં તેજી જારી રહી શકે છે. સોના-ચાંદીના ભાવ ૨૦૨૪માં નવી રેકોર્ડ ટોચ સાથે ૩૦ ટકા સુધી વધી શકે છે. ટૂંકાગાળા માટે પ્રોફિટ બુકિંગ રિટર્ન પર અસર કરી શકે છે. પરંતુ ઓવરઓલ આઉટલૂક ૨૦૨૪માં પોઝિટીવ જોવા



મળી રહ્યો છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ અને વ્યાજદરોમાં ઘટાડો ઉપરાંત સેન્ટ્રલ બેન્કો દ્વારા ગોલ્ડ રિઝર્વની વધતી ખરીદી કિંમતી ધાતુની તેજીને વેગ આપી રહ્યો છે.

એચડીએફસી સિક્યુરિટીઝના અનુજ ગુપ્તાએ જણાવ્યુ હતું કે, એમસીએક્સ ગોલ્ડ તેની મહત્વની રૂા. ૭૨૫૦૦ની સપાટી કુદાવી ગયો છે. ચાંદી પણ રૂા. ૮૧૮૦૦ના સપોર્ટ સાથે ૮૪ હજારથી વધી છે.

ચાંદી રૂ. ૮૫ હજારની સપાટી વટાવે તો વધી રૂ. ૯૧ હજાર સુધી વધી શકે છે. જ્યારે સોનું ૭૩૫૦૦ થાય તો ટૂંકાથી મધ્યમગાળામાં રૂ. ૭૫ હજાર પ્રતિ ૧૦ ગ્રામ થશે.

# દેશભરની તમામ ગ્રાહક અદાલતોમાં ૧૫ એપ્રિલથી ઓનલાઈન સુનાવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગ્રાહકોને હવે ઓનલાઈન ફરિયાદની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેન્દ્રના ગ્રાહક બાબતોના મંત્રાલયે દેશભરની ગ્રાહક અદાલતોને ૧૫મી એપ્રિલથી ઓનલાઈન સુનાવણી કરવાની સુચના આપી છે. ગ્રાહક તકરાર નિવારણ પંચ દ્વારા સુનાવણી માટેની માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે.

ઓનલાઈન સુનાવણી પ્રક્રિયાથી વિવિધ ફરિયાદોના કિસ્સામાં ઓનલાઈન



સુનાવણીથી ગ્રાહકોને સરળતા રહેશે. સમય અને ખર્ચ પણ બચશે. રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચ બે કરોડથી વધુના દાવાઓના કેસ સંભાળે છે. રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચના હવાલે ૫૦ લાખથી બે કરોડના દાવાના કેસ સોંપાય છે. જીલ્લા પંચ હસ્તક ૫૦ લાખ સુધીના વળતર દાવાના કેસો હોય છે.

કેન્દ્રીય મંત્રાલયે રાષ્ટ્રીય પંચને એવી સૂચના આપી છે કે ગ્રાહક અદાલતો તેના સંકુલમાંથી જે હાઈબ્રીડ મોડમાં સુનાવણી કરે. નવો આદેશ ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા પાયલોટ પ્રોજેકટ સ્વરૂપે ચાલુ રાખવામાં આવે. સંબંધીત તમામ પક્ષકારોને સુવિધાનો લાભ મળે તે માટે વિડીયો કોન્ફરન્સની સુવિધા આપવાની રહેશે. આ માટેની લીંક વકિલ કે પક્ષકારોને સીધી આપવાને બદલે 'કોઝલીસ્ટ'માં રાખવા સુચવાયુ છે.

રાષ્ટ્રીય પંચ સમક્ષ વિડીયો કોન્ફરન્સથી પેશ થનારા એડવોકેટ તથા ફરિયાદી-પક્ષકારોએ ફીઝીકલ કોર્ટના ધોરણે જ પ્રોટોકોલનુ પાલન કરવાનું રહેશે. અદાલત કોઈ પુછાણ ન કરે ત્યાં સુધી માઈક્રોફોન બંધ રાખવાના રહેશે. સુનાવણીમાં મોબાઈલ પણ સાઈલન્ટ મોડમાં રાખવા પડશે. કોઈ અવરોધ અથવા સુરક્ષાની ચિંતાના સંજોગોમાં સુનાવણીની સમીક્ષા કરીને યોગ્ય કદમ ઉઠાવવામાં આવશે.

# ૭ લાખના ચેક પરત કેસમાં દોઢ વર્ષની કેદ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીને ચેક પરતના કેસમાં અદાલતે દોઢ વર્ષની કેદની સજા અને રૂપિયા દોઢ લાખનો દંડ ફટકાર્યો છે. જ્યારે એક સોસાયટીએ પોતાના સભાસદ સામે રૂ. ૮૮,૨૬૦ના ચેક પરતની કરેલી ફરિયાદમાં એક વર્ષની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકારવામાં આવ્યો છે.જામનગરના શૈલેષભાઈ મણીલાલ રાઠોડ નામના આસામી પાસેથી તેમના મિત્ર બકુલ લાલવાણીએ રૂ. ૬,૦૦,૦૦૦ હાથઉછીના મેળવી પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી અપૂરતા નાણા ભંડોળના શેરા સાથે પરત ફરતા શૈલેષભાઈએ કોર્ટમાં કેસ કર્યો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી બકુલ લાલવાણીને તક્સીરવાન ઠરાવી દોઢ વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. ફરિયાદી તરફથી વકીલ મોહસીન કે. ગોરી રોકાયા હતા.જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં આવેલા મોમાઈનગરમાં બુક સ્ટોર ચલાવતા ઉમેશભાઈ નટવરલાલ મહેતાએ કેશરીનંદન ક્રેડીટ કો. ઓપ. સોસાયટીમાંથી લોન મેળવી હતી. તે રકમ ભરપાઈ કરવા રૂ. ૮૮,૨૬૦નો ચેક આપ્યો હતો. તે ચેક પરત ફરતા સોસાયટીએ અદાલતમાં કેસ કર્યો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપીને એક વર્ષની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો હતો. સોસાયટી તરફથી વકીલ મિતેશ પટેલ, મણીલાલ કાલસરીયા, એચ.એમ. ધામેલીયા, ગૌરાંગ મુંજપરા, જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

# લાલપુરના ગોવાણા નજીકથી ફરાર આરોપી પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર લાલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ.પી.ગોહિલની સુચના હેઠળ સર્વેલન્સ સ્ટાફના માણસો નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે પેટ્રોલીંગમાં હતાં અતે દરમિયાન ગોવાણા ચેકપોસ્ટ પહોંચતા એએસઆઇ જે.આર.જાડેજાને બાતમી મળેલ કે લાલપુર પોલીસ સ્ટેશને ચોરીના કેસમાં સંડોવાયેલ અને પોલીસને હાથતાળી આપી નાસતો ફરતો આરોપી ઇકબાલ મુસાભાઇ સુંભણિયા (રહે.વાડીનારધાર, તા.જામખંભાળિયા, જિ.દેવભૂમી દ્વારકા) હાલ રાધેક્રિષ્ના હોટલ ખાતે છે.જેથી પોલીસે ત્યાં જઇ આરોપી ઇકબાલ મુસાભાઇને પકડી પાડ્યો હતો અને તેની અટકાયત કરી તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહી લાલપુર પોલીસ સ્ટેશનના પીએઆસઇ એસ.પી.ગોહિલ, એએસઆઇ જે.આર.જાડેજા તથા સ્ટાફના ટી.બી.જાડેજા, જયપાલસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા, પ્રવિણભાઇ કરશનભાઇ બૈડિયાવડરા દ્વારા કરવામાં આવી છે.

# વોઈસ પોલ્યુશન ફેલાવતા અને જોખમી રીતે ચાલતા ૫૦થી વધુ વાહનો ડીટેઈન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ટ્રાફીક પોલીસ દ્વારા ધુમ સ્ટાઈલથી ભયજનક વાહન ચલાવનાર, ફાયર સાઈલેન્સર વાળી બાઈક, બુલેટ ઉપર ખાસ ડ્રાઈવ યોજીને ૫૦થી વધુ ટુ-વ્હીલરો ડીટેઈન કર્યા છે. તેમજ ટ્રાફિક નિયમનનો ભંગ કરનારા પાસેથી રોકડ રૂ.૧.૬૩ લાખની દંડ વસુલ કરવામાં આવ્યો હતો.શહેરમાં ધુમ સ્ટાઈલથી ભયજનક જ રીતે વાહન ચલાવતા અને વધુ અવાજ કરતા ફાયર સાલેન્સરવાળા સ્પોટર્સ બાઈક અને બુલેટ ચલાવતા વાહન ચાલકો સામે ટ્રાફીક પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ટ્રાફીક શાખાના પીઆઈ એમ. બી.ગજ્જરની આગેવાનીમાં પીએસઆઈ આર.ડી.ગોહીલ, આર. એલ.કંડોરીયા, બી.જે.તીરકર, આર. સી.જાડેજાએ સ્ટાફના મહેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ, મનહરસિંહ, સત્યજીતસિંહ, રાજેશભાઈ કરમુર સહિતના સ્ટાફની જુદી જુદી ટીમો બનાવીને શહેરના સાત રસ્તા સર્કલ, સુભાષબીજ, તળાવની પાળ આશાપુરા હોટલ, પંચવટી બુક બોન્ડ સર્કલ જેવા વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં વાહનોને રોકતા અને વાહનોના દસ્તાવેજ રજુ ના કરતા તેવા વાહન ચાલકો સામે ગુનો નોંધીને ૫૦થી વધુ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. તેમજ અન્ય ટ્રાફીક નિયમનનો ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી રૂ.૧,૬૩,૮૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. જેથી ટ્રાફીક નિયમનનો ભંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# મેઘપર મુકામે રાઠોડ પરિવાર દ્વારા ૪૪મી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

## સુપ્રસિદ્ધ વકતા ઉદયભાઈ ભાનુપ્રસાદ ગોર વ્યાસપીઠ પરથી કથાનું રસપાન કરાવશેઃ કથા દરમિયાન સંતો, મહંતો, બ્રહ્મર્ષિઓના આશિર્વાદ મેળવાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જોડિયા તાલુકાના મેઘપર ગામે હંમેશા જાજરમાન આયોજન અને સમાજ તથા લોક હિતાર્થના સેવા કાર્યમાં હમેશા અગ્રેસર રહેતા સમસ્ત રાઠોડ પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજી અને સુરાપુરા શ્રી ભાયાબાપા ના સાનિધ્યમાં મેધપર ગામની પાવન ભૂમિ ઉપર ૪૩ (તેતાલી) વર્ષ થી આયોજન થય રહું છે ગત વર્ષ શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞ કથા નું ભવ્ય આયોજન કરી ચુકાય છે. જ્યારે આ વર્ષ-૨૦૨૪ માં ૪૪મી (ચુમાલીસ) શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન સમસ્ત રાઠોડ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે.

જેમાં વ્યાસપીઠ પર બિરાજમાન થય ગુજરાત ના સુપ્રસિદ્ધ કથા વકતા યુવા ભાગવતાચાર્ય શાસ્ત્રી શ્રી ઉદયભાઈ ભાનુપ્રસાદ ગોર બી.એ.(સંસ્કૃત) શ્રી ભાગવત વિદ્યાપીઠન- સોલા (અમદાવાદ) માનસ હનુમંત ધામ - નવા કટારીયા (કચ્છ) વ્યાસપીઠ પર બીરાજમાન થઈ સંગીતમય શૈલીમાં કથાનું રસપાન આગામી ચૈત્રવદ ૮ ને બુધવાર તા.૦૧/૦૫/૨૦૨૪ ને સવારે ૦૯-૦૦ કલાકે પોથી યાત્રા, ગણેશ પૂજન,માતાજીનું પૂજન કરવામાં આવશે કથા શ્રવણ નો સમય સવારે ૦૯:૦૦ વાગ્યાથી બપોરના ૧૨:૩૦ વાગ્યા સુધી અને બપોરે ૦૩:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ કથા દરમિયાન દરરોજ બપોરે ૦૧-૦૦ કલાકે મહા પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્રવદ -૧૪ ને મંગળવાર તા.૦૭/૦૫/૨૦૨૪ ને સાંજે ૦૬:૦૦ કલાકે કથા પુર્ણાહુતી કરવામાં આવશે.

શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથા માં પાવકારી પ્રસંગો તા.૦૧/૦૫/૨૦૦૪ ને બુધવાર સવારે ૦૯-૦૦ કલાકે પોથી યાત્રા, ગણેશ પૂજન,માતાજીનું પૂજન અને બપોરે ૦૩-૦૦ કલાકે કથા શ્રવણ, તા.૦૨/૦૫/૨૦૨૪ ગુરુવાર ના કપીલનારાયણ કથા,તા.૦૩/૦૫/૨૦૨૪ શુક્રવાર ના સવારે ૧૧:૦૦ કલાકે શ્રી નૃસિંહ પ્રાગટય, સાંજે ૪:૦૦ કલાકે શ્રી વામન પ્રાગટય, તા.૦૪/૦૫/૨૦૨૩ શનિવાર ના શ્રી રામ પ્રાગટ્ય, સાંજે ૫:૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મ (નંદ ઉત્સવ) તા.૦૫/૦૫/૨૦૨૪ રવિવાર ના ગોવર્ધન પર્વત લીલા, તા.૦૬/૦૫/૨૦૨૪ સોમવાર ના સાંજે ૫:૦૦ કલાકે શ્રી રૂક્ષ્મણીજી વિવાહ, તા.૦૭/૦૫/૨૦૨૪ મંગળવાર ના બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી સુદામદેવ ચરિત્ર, સાંજે ૫:૦૦ કલાકે પરિક્ષિત મોક્ષ (કથા વિરામ) ના ભવ્ય પ્રસંગો કથા દરમિયાન ઉજવવામાં આવશે.

શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથા દરમિયાન ભારત વર્ષના સંતો, મહંતો, બ્રહ્મર્ષિઓને આમંત્રિત કરાશે અને તેમના આશીર્વાદ મેળવાશે. આ કથા માત્ર સમસ્ત રાઠોડ પરિવારના પિતૃઓના મોક્ષાર્થ સાથે યોજાઇ રહી છે પણ તમામ સમાજના પિતૃઓના આત્માના શાંતિ અર્થે પણ આયોજન થાય છે.

શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથા વિરામ. તા.૦૮/૦૫/૨૦૨૪ બુધવાર ના રાઠોડ પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજી અને સુરાપુરા શ્રી ભાયાબાપા ના સાનિધ્યમાં સવારે ૦૬-૪૫ કલાકે પિતૃ શાન્તિ યજ્ઞ અને બપોરે ૧૨:૦૦ કલાકે અભિજીત મુહુર્ત માં બીડું હોમવામાં આવશે. સાથો સાથ દરરોજ રાત્રીના ધૂન મંડળ, ભજન, રાસ ગરબા સહિતના ત્રિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.આ કથા રશ્પાન નો લાભ લેવા રાઠોડ પરિવાર દ્વારા જણાવાયું છે.

શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ જ્ઞાનયજ્ઞના આયોજનમાં કોઈ કચાશ ના રહે તે માટે સમસ્ત રાઠોડ પરિવારના હોદેદારો, કાર્યકરો અને મહિલા પાંખની બહેનોની કમિટીની રચના કરવામાં આવી છે. આ ધાર્મિક કાર્યને દિપાવવા પરિવારાના ભીખુભાઈ તરશીભાઈ રાઠોડ, ડાયાભાઈ દેવજીભાઈ રાઠોડ, દિનેશભાઈ મુળજીભાઈ રાઠોડ, ધીરેનભાઈ ગોરધનભાઈ રાઠોડ (બાલંભા) રાકેશભાઈ નરશિભાઇ રાઠોડ, (રાજકોટ) હિતેશકુમાર રાઠોડ - પત્રકાર (રાજકોટ) વિજયભાઈ ચમનભાઈ રાઠોડ (રાજકોટ) હરિભાઈ ભીખુભાઈ રાઠોડ (રાજકોટ) સહિત રાઠોડ પરિવારનાં આગેવાન ભાઈઓ બહેનો સાથે જોડાઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યોનું જણાવ્યું છે. તો પાવનકારી મંગલમય કથાનું રસપાન કરવા દરેક સગા સંબંધી તથા ભાવિક ભક્તોને સહ પરિવાર સાથે પધારવા રાઠોડ પરિવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવે છે.

# વાંકાનેરમાં હાર્ટએટેકે વધુ એકનો લીધો ભોગ,૬૮ વર્ષીય વૃદ્ધ બેભાન થઈ ઢળી પડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં વધુ એક હાર્ટ એટેકની ઘટનામાં ૬૮ વર્ષીય વૃદ્ધનુ મોત નિપજયાંમો બનાવ બનવા પામ્યો છે. જેમાં વાંકાનેર જાલીડા ગામ નજીક આવેલ પેકેજીંગ કારખાનામાં મજૂરી કામ કરતા મૂળ બિહાર રાજ્યના વૃદ્ધ અચાનક રૂમમાં બેભાન થઇ ઢળી પડતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડતા ડોકટરે જોઈ તપાસી હાર્ટ એટેક આવવાથી મોત થયાનું જાહેર કર્યું હતું.

સમગ્ર બનાવની પ્રાપ્ત વિગત મુજબ મૂળ બિહાર રાજ્યના જાંરગ ગામના વતની હાલ વાંકાનેરના જાલીડા ગામ નજીક આવેલ દેવ પેકેજીંગમાં મજૂરી કામ કરી પેકેજીંગના લેબર ક્વાર્ટરમાં રહેતા વાસુદેવભાઈ શીવધરભાઈ રામ ઉવ.૬૮ ગઈકાલ તા.૧૧/૦૩ના રોજ વહેલી સવારના આશરે ૦૯/૪૫ વાગ્યા પહેલાં કોઈ પણ વખતે પોતાના રૂમમા કોઈ કારણોસર બેભાન થઈ જતા તેઓને સારવાર માટે વાંકાનેર સરકારી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે વાસુદેવભાઈને જોઈ તપાસી હાર્ટ એટેક આવવાના કારણે મરણ ગયા હોવાનું જાહેર કર્યા હતા. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ.મૃત્યુ અંગેની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના રામેશ્વરનગરમાં મહિલા સહિત ૧૧ જુગારીની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રામેશ્વરનગરમાં આવેલ માતૃઆશિષ સોસાયટી શેરી નં. ૨માં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા પટેલ કોલોની-૬ રત્નરાજ એપાર્ટમેન્ટ મ નં. ૩૦૨માં રહેતા માયા ઉર્ફે માલાબેન કેશવ મંગવાણી, મોહનનગર આવાસ બિલ્ડીંગ નં. ૧૩, મ નં. ૪૦૩માં રહેતા નંદાલાલ વેલુમલ વધવાઇ, પાણાખાણ શેરી નં. ૧૦માં રહેતા અભેસંગ કનુભા સોઢા, સિધ્ધી વિનાયક પાર્ક શેરી નં. ૧માં રહેતા ગંગારામ રીજુમલ તન્નાની અટકાયત કરી હતી, દરોડા દરમ્યાન ૫૬૬૦ની રોકડ અને ગંજીપતા જપ્ત કર્યા હતા.બીજા દરોડામાં જામનગરના ગરીબનગર પાણાખાણ વિસ્તારમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા પાણાખાણના એજાજ રજાક મુનરાઇ, ધરારનગર-૧, વૈશાલીનગરમાં રહેતા હનીફ અબુ ચકા અને પાણાખાણના રમઝાન ઓસમાણ સપીયા નામના ત્રણ શખ્સોને રોકડા ૫૮૦૦ સાથે દબોચી લીધા હતા.અન્ય એક દરોડામાં સમાણા ગામે જુનીવાસમાં ઝાડની નીચે ગંજીપતા વડે જુગાર રમતા જામજોધપુરના સંગચીરોડા ગામના લાખા સીદા પરમાર, સમાણાના જાદવ વીરા પરમાર, અમરા વીરા પરમાર અને પરબત સીદા પરમાર નામના શખ્સોની શેઠવડાળા પોલીસે ધરપકડ કરી રોકડા ૧૩૭૦ અને ગંજીપતા જપ્ત કર્યા હતા.

# ૧૩ એપ્રિલના મોરબીમાં ભવ્ય ભીમ ભજનનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી ૧૪મી એપ્રિલ ૨૦૨૪ને રવિવારના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ



કાયદા પ્રધાન તેમજ આધુનિક ભારતના સંવિધાનના રચયિતા એવા ભારતરત્ન બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરજીની ૧૩૩મી જન્મજયંતિ ઉજવણી સંદર્ભ મોરબીમાં ભવ્ય ભીમ ભજનનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ૧૪ એપ્રિલ ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી સંદર્ભ તા.૧૩ એપ્રિલને શનિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે મોરબીના રોહીદાસપરા વિસ્તારમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર ચોકમાં ભવ્ય ભીમ ભજનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભીમ ભજનીક કલાકાર નિતીન શુક્લ તથા તેમના સાંજીદા રાજુ જોષી અને રાજુ રાઠોડ ગ્રુપ દ્વારા ડો.બાબા સાહેબના સંઘર્ષમય જીવન વિશે માહિતી તથા ભજનો રજુ કરવામાં આવશે. આ ભીમ ભજનમાં પધારવા જયભીમ યુવા મિત્ર મંડળ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મોરબીના યુવા પત્રકાર યોગેશ રંગપડીયાના પુત્ર અંશનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના પત્રકાર યોગેશભાઈ રંગપડીયાના પુત્ર અંશ રંગપડીયાનો આજે જન્મદિવસ છે તારીખ ૧૨-૦૪-૨૦૧૩ ના રોજ જન્મેલા અંશે આજે જીવનના ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે અંશના જન્મદિવસ પ્રસંગે પરિવાર, સગા સંબંધીઓ, મિત્રો દ્વારા શુભેચ્છાઓ પાઠવવમાં આવી રહી છે



# સીમા જાગરણ મંચ સૌરાષ્ટ્ર પ્રેરિત વિસ્થાપિત હિન્દુ સહાયતા કેન્દ્રનો મોરબી ખાતે શુભારંભ

**મુખ્ય સમાચાર, મોરબી**





સેવા જેનો સ્વભાવ બની ચૂકયો છે તેવા '' માનવ સેવા એજ પ્રભુ સેવા''એ સૂત્ર ને સાકાર કરી ભારત સરકાર દ્વારા પ્રસ્થાપિત થયેલ ઈઅઅ એક્ટ ૨૦૧૯ અંતર્ગત પાકિસ્તાન થી વિસ્થાપિત થયેલ બાંધવો ને ભારતીય નાગરિકતા મળે એ હેતુ થી તેમની સહાયતા અર્થે વિસ્થાપિત હિન્દુ સહાયતા કેન્દ્રના શુભારંભનું આયોજન તા.૧૧/૦૪/૨૦૨૪ ને ગુરુવારે સાંજે ૫:૦૦ વાગ્યે જૂના શિશું મંદિર,,મોરબી ખાતે થયેલ. કાર્યક્રમની શરૂઆત માં હિરેન ભાઈ વિડજા દ્વારા પ્રસ્તાવના આપવામાં આવેલ.ત્યાર બાદ ઉપસ્થિત મહેમાનો નું પુસ્તક અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું..આ કાર્યક્રમમાં ડો.જન્તીભાઈ ભાડેસિઆ સાહેબ ( પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક - આર એસ એસ) તેમજ પંકજભાઈ મહેતા (પૂર્વ ધારાસભ્ય - રાપર) દ્વારા CAA ૨૦૧૯ ની સંપૂર્ણ માહિતી ઊંડાણપૂર્વક આપવામાં આવેલ.તેમજ પ્રેમ સ્વામિ (સંસ્કાર ધામ - મોરબી) દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા. આ કાર્યક્રમમાં જયંતીભાઈ કવાડિયા ( ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ) શ્રી કાંતિભાઈ અમૃતિયા તથા વિપુલભાઈ અઘારા ( પ્રાંત પ્રચાર પ્રમુખ - આર.એસ.એસ) ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ માં ઉપસ્થિત વિસ્થાપિત હિન્દુ બાંધવો ને ભારતમાતા ના ફોટા આપી સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બાંધવો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ ની આભાર વિધિ જે.પી. જેસ્વાણી દ્વારા કરવામાં આવેલ.તેમજ આ સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન રવિન્દ્રભાઇ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ અને કાર્યક્રમ ને સફળ બનાવવા વિસ્થાપિત હિન્દુ સહાયતા સમિતિએ ખૂબ જહેમત ઉઠાવેલ.

# મોરબીમાં આહીર સમાજના બેનરનો દુરુપયોગ કરનાર સામે આહીર સેના-ગુજરાત દ્વારા રાજકોટ જીલ્લા કલેક્ટરને આવેદન પાઠવશે

## આહીર સમાજના બેનરનો દુરુપયોગ કરી બ્લડ કેમ્પ-તથા સ્નેહમિલનનો કાર્યક્રમ રાખતા વાળંદ સમાજ સામે આક્રોશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં આહીર સમાજની પેટા શાખાના નામે વાળંદ સમાજ દ્વારા 'મજોકઠા આહીર સમાજ' નામની પેટા શાખા ઉભી કરી આ નામ ઉપર આહીર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ તથા બ્લડ ડોનેશન કેમ્પનો કાર્યક્રમ રાખી સમસ્ત આહીર સમાજને ગુમરાહ કરનાર અમુક તત્વો સામે આહીર સેના તથા આહીર સમાજ-ગુજરાત દ્વારા રાજકોટ જીલ્લા કલેક્ટરને આવેદન પાઠવવામાં આવશે.

મોરબી આહીર સેના તથા સમસ્ત ગુજરાત આહીર સમાજની એક પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર આહીર સમાજ બંધુઓને ખાસ જણાવવાનું કે આવનાર તારીખ ૧૪/૪/૨૦૨૪ ના રોજ વાળંદ સમાજ દ્વારા આહિર સમાજના નામનો દુરુપયોગ કરી મજોકઠા આહીર સમાજ તરીકે સંગઠન બનાવ્યું છે જે સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ તથા સ્વાભિમાન સ્નેહમિલનનો કાર્યક્રમ રાખેલ છે. જેની સાથે આહીર સમાજને કોઈ લેવાદેવા નથી તથા આહીર સમાજની ૧૧ પેટા શાખામાં આવી કોઈ મજોકઠા આહીર સમાજ નામની પેટા શાખા છે જ નહીં જેની સમસ્ત આહીર સમાજ તથા સમસ્ત હિંદુ સમાજે નોંધ લેવી તથા જે કોઈ અન્ય હિન્દુ સંગઠનોના હોદેદારોને જણાવવાનું કે આ આહીર સમાજ નો પ્રોગ્રામ છે નહીં. જો આહીર સમાજ ના પ્રોગ્રામ માટે જતા હોય તો ન જવા લાગણી અને માગણી સાથે વિનંતી છે.

વધુમાં મોરબી જીલ્લા આહીર સેના તથા આહીર સમાજ ગુજરાત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આહીર સમાજના બેનરનો દુરુપયોગ થઈ રહ્યો હોય તે માટે આહીર સમાજ ગુજરાત દ્વારા રાજકોટ ખાતે કલેકટરશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવશે તેને સમસ્ત આહીર સમાજે નોંધ લેવી.

# મોરબી સબ જેલમાં રમજાન ઈદની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સબજેલમાં મુસ્લિમ બંદિવાનોએ ઈદની ઉજવણી નિમિત્તે નમાજ કરીને રમજાન ઈદની ઉજવણી કરી હતી.



મોરબી સબ જેલમાં રહેલા મુસ્લિમ બંદિવાનોએ રમઝાન માસમાં જેલમાં રોજા રહેતા હતા અને ખુદાની બંદગી કરતા હતા. ત્યારે રમઝાન ઈદ નિમિત્તે સમસ્ત મિયાણા (મુસ્લિમ) સમાજ મહાસંગઠન ટ્રસ્ટ ગુજરાતના મોલાનાઓ દ્વારા મોરબી સબ જેલમાં રહેલા મુસ્લિમ ભાઇઓને ઇદ-ઉલ-ફિત્રની નમાજ અદા કરાવી ખુદાની બંદગી કરાવવામાં આવી હતી. પર્વ દરમિયાન મોરબી સબ જેલના ઇ.ચા.અધિક્ષક પી.એમ.ચાવડા તથા ઇ.ચા.જેલર એ.આર.હાલપરાનાઓ સાથે જેલ સ્ટાફ દ્વારા પુરતો સાથ-સહકાર આપવામાં આવ્યો હતો.

# મોરબીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટર કરશન ઘાવરીના વડપણ નીચે 'કરશન ઘાવરી ક્રિકેટ એકેડેમી'નો ટૂંક સમયમાં પ્રારંભ થશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સૌરાષ્ટ્રનું સૌથી મોટું અને અત્યાધુનિક સુવિધાથી સજ્જ ક્રિકેટ એકેડમી શરૂ થવા જઈ રહ્યું છે. જેમાં મોરબીના રવાપર રોડ ખાતે આવેલ એસ.પી. રોડ ઉપર પ્રથમ ગુજરાતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટર કરશન ઘાવરીના વડપણ હેઠળની 'કરશન ઘાવરી ક્રિકેટ એકેડમી'નો નજીકના દિવસોમાં મોરબીવાસીઓને લાભ મળતો થશે, ત્યારે ગઈકાલે 'કરશન ઘાવરી ક્રિકેટ એકેડમી'નું ભૂમિ-પૂજન કરશન ઘાવરીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ભૂમિ-પૂજન પ્રસંગે મીડિયા સાથેની ચર્ચામાં શ્રી કરશન ઘાવરીજીએ જણાવ્યું હતું કે આ ક્રિકેટ એકેડમી સમગ્ર સૌરાષ્ટ્રનું સૌથી મોટું એકેડમી હશે જેમાં પ્રોફેશનલ ક્રિકેટ કોચ, ફીઝીયોથેરાપિસ્ટ, ગ્રાઉન્ડ-મેકર, ઉચ્ચકક્ષાના અનુભવી ક્રિકેટ તજજ્ઞો સાથે હાજર રહી એકેડમીમાં આવતા સ્ટુડન્ટ્સને માર્ગદર્શન પૂરું પાડશે, તદુપરાંત આ એકેડમીમાં જે પ્રશિક્ષકો, કોચ અને ટ્રેઈનરો છે તેની સાથે લાંબાગાળાના બોન્ડ રાખેલ છે જેથી વારંવાર તેમાં કોઈ ફેરફાર કે બદલી નહિ કરવામાં આવે, તેમજ આ એકેડમીમાં જે ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવે છે તે ક્રિકેટ ગ્રાઉન્ડનો ઉપયોગ અંડર-૧૯, રણજી ટ્રોફી જેવા ક્રિકેટ મેચો યોજવા કરશન ઘાવરીજી દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું

કરશન ઘાવરી ક્રિકેટ એકેડમીના સંચાલક એવા ડૉ.અમિત ગામી દ્વારા આ પ્રસંગે જણાવ્યું કે કરશન ઘાવરીજી એ પોતાના નામનો ઉપયોગ કરવા દેવા બદલ તેમનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરી જણાવ્યું કે આ કરશન ઘાવરી ક્રિકેટ એકેડમીમાં આવતા તમામ સ્ટુડન્ટ્સને કરશન ઘાવરીજી દ્વારા ક્રિકેટન સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે આ એકેડમીનો મુખ્ય ઉદ્દેશ્ય અહીં આવતા મોરબીવાસી સ્ટુડન્ટ્સ ક્રિકેટમાં કેરિયર બનાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્થાન પ્રાપ્ત કરે તે રીતે તેઓને આ એકેડમીમાં પ્રશિક્ષણ અને ટ્રેનિંગ આપશું. કરશન ઘાવરી ક્રિકેટ એકેડમીમાં ક્રિકેટના નિયમો અને સિધ્ધાંતોની તાલિમ માટે અદ્યતન થિયરી રુમ સહિત ટર્ફ અને એસ્ટ્રોટર્ફ પ્રકટિસ પીચ, બોલીગ મશીન વાર્મઅપ સાધનો સાથેની અતિ આધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૪ કર્મચારીઓને ડીઆરએમએ કર્યા સન્માનિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડીવીઝનના ૪ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન ના ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક અને ટ્રેક્શન સંચાલન વિભાગના કર્મચારીઓને ફેબ્રુઆરી-૨૦૨૪ મહિનામાં રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં શ્રી પપ્પારામ (લોકો પાયલટ ગુડ્સ-સુરેન્દ્રનગર), મનમોહન સિંઘ (ટ્રેન મેનેજર-સુરેન્દ્રનગર), રિંકુ કુમાર મીના (પોઈન્ટ્સ મેન-પીપલી) અને નથુ રામ (લોકો પાઈલટ ગુડ્સ-સુરેન્દ્રનગર) નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલવે કર્મચારીઓ દ્વારા ટ્રેનોમાં હોટ એક્સલની નોટિસ કરવું, લટકતા ભાગો અને ઘઇઉ (ઓવર હેડ ઇક્વિપમેન્ટ)માં ત્રિપાલ લટકવાની સૂચના વગેરે સમયસર આપી હતી. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર.મીના, સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર શ્રી આર સી મીણા અને સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સંચાલન) શ્રી મીઠાલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા.



# મજોકઠા આહીર સમાજના સંમેલનની મંજુરી રદ કરોઃ સમસ્ત આહીર સમાજ દ્વારા રાજકોટ જિલ્લા કલેકટરને અપાયુ આવેદનપત્ર

**વાળંદ સમાજના અમુક લોકો દ્વારા ૧ વર્ષ પહેલાં આહીર સમાજમાં સમાવવા ચેરિટી કમિશનરમાં મજોકઠા આહીર સમાજના નામનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે પરંતુ આ સમાજના લોકો આહીર સમાજની કોઈ શાખા કે પેટા શાખા નથી તેવું આહીર સમાજ ગુજરાતના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ રાજકોટ જિલ્લા કલેકટરને જણાવ્યું છે. આજે કલેકટરને આપેલા આવેદનપત્રમાં આહીર સમાજ દ્વારા જણાવાયું છે કે વાળંદ સમાજના અમુક લોકો તેઓની જ્ઞાતિના નામનો ગેરઉપયોગ કરી આગામી તા.૧૪ એપ્રિલે સ્વાભિમાન સંમેલન યોજવા જઈ રહ્યા હોય તેઓના સંમેલનની મંજુરી તાત્કાલિક રદ કરવા જણાવાયું છે.**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રાજકોટ સંસદીય મતદાર વિભાગ માટે ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી નોટિસ જાહેર

## ઉમેદવારી નામાંકન પત્ર ૧૯મી સુધીમાં ભરી શકાશે :નામાંકન પત્રની ચકાસણી ૨૦મી એપ્રિલે થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૦-રાજકોટ સંસદીય મત વિસ્તારના જિલ્લા ચૂંટણી અધિકારી તથા રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશી દ્વારા આજરોજ લોકસભાની ચૂંટણી-૨૦૨૪ માટે ચૂંટણી નોટિસ જાહેર કરવામાં આવી છે.

આ નોટિસમાં જણાવાયા મુજબ, ૧૦-રાજકોટ સંસદીય મતદાર વિભાગમાં લોકસભાના સભ્યની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીના ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મુકનાર પૈકી કોઈ એક વ્યક્તિ (૧) ચૂંટણી અધિકારી, ૧૦-રાજકોટ સંસદીય મતદાર વિભાગ અને કલેક્ટર-રાજકોટ, કલેક્ટર કચેરી, જિલ્લા સેવાસદન, પ્રથમ માળ, જામટાવર સામે, શ્રોફ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ ખાતેથી અથવા (૨) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૦-રાજકોટ સંસદીય મતદાર વિભાગ અને જિલ્લા પૂરવઠા અધિકારી-રાજકોટ, જિલ્લા પૂરવઠા અધિકારીની કચેરી, જિલ્લા સેવાસદન, બીજો માળ, જામટાવર સામે, શ્રોફ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ ખાતે મોડામાં મોડું ૧૯મી એપ્રિલ ૨૦૨૪ અને શુક્રવાર સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) સવારે ૧૧થી બપોરે ૩ કલાક સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશે.

### રાજકોટ મહાનગરપાલિકા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા કરવામાં આવેલ કામગીરી

# કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા દંડ ૭ વ્યક્તિઓને દંડ ફટકારાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમા સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૧૦-૦૪-૨૦૨૪ તથા તા.૧૧-૦૪-૨૦૨૪ ના રોજ ૦૭ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ તેમજ રૈયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં કચરો નાખતા બે ઇસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૧૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તેમજ જાહેરમાં કચરો નાખતા એક સફાઈ કામદારને ઝડપી લઈ ૨૫૦/- દંડ કરવામાં આવેલ.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૩૨૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૪૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૫ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઇન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ .

ઉપરોકત કામગિરી માનનિય મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરશ્રીના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી..

# રાજકોટ મનપા દ્વારા નગરપાલિકાના અધિકારી-કર્મચારી માટે સ્વચ્છ સર્વેક્ષણ અંગે વર્કશોપ તથા સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત તાઃ-૧૨/૦૪/૨૦૨૪ના રોજ RCM ઓફીસ ખાતે રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ ગોંડલ, જેતપુર/નવાગઢ, ધોરાજી, ભાયાવદર, જસદણ, ઉપલેટાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત વિવિધ પેરામીટર જેવા કે solid Waste Management, Used water Management, Safai Mitra Suraksha, Legacy Waste Remediation Other Related to Sanitation and waste Management વિગેરે અંગે જાણકારી આપવામાં આવી.

આ વર્કશોપ/સેમિનાર દ્વારા ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી હતી. ઉપરોક્ત ઈવેન્ટમાં કોઈ પણ પ્રકારની પાણીની પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પાણી કાચના ગ્લાસમાં આપવામાં આવેલ. આ વર્કશોપમાં સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવામાં આવેલ. આ વર્કશોપમાં કોઈ પણ પ્રકારના પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો.ઉપરોક્ત વર્કશોપ/સેમિનારમાં રીજનલ કમિશનર મ્યુનસીપાલીટી શ્રી સ્વપ્નિલ ખરે, નગરપાલીકાના ચીફ ઓફીસર, એસ.આઈ, સીટી મેનેજર ખંઈજ, સિટી મેનેજર SWM, રાજકોટ મહાનગરપાલિકાના સહાયક કમિશનર એસ. જે. ધડુક, પર્યાવરણ ઇજનેર નિલેશ પરમાર, તમામ નાયબ પર્યાવરણ ઇજનેર, તમામ મદદનીશ પર્યાવરણ ઇજનેર, સેનિટેશન ઓફિસર હાજર રહેલ.

# ધારીના ગીર વિસ્તારમાં વનરાજો માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા રજૂઆત

**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** ધારી તાલુકો આમ પણ ગીરનો દરવાજો કહેવાય છે અને ફોરેસ્ટ વિભાગની વડી કચેરી પણ અહી આવેલી છે તેમજ અલગ અલગ ૮ જેટલી તેમની રેન્જ પણ આવેલી છે જે મુજબ દરેક રેન્જમાં આરએફઓના માર્ગદર્શન હેઠળ વન વિભાગની કામગીરી થતી હોય છે હાલ ઉનાળાની સિઝન ચાલુ છે અને કાળઝાળ ગરમીઓ પડી રહી છે ત્યારે વન વિભાગ દ્વારા ૨૪૭ જેટલા પાણીના પોઇન્ટ ઊભા કરવામાં આવ્યા છે જેમાં પવનચક્કી દ્વારા પાણી મેળવવું તેમ જ વન વિભાગના ટેન્કર દ્વારા જંગલમાં પાણી ભરવું વનવિભાગ દ્વારા રકાબી સેઇપમાં બનાવેલ પોઇન્ટ મા પાણી ભરવું તેમજ પાણીની કુંડીના સ્ત્રોતો આવેલા છે.....



હાલ છેલ્લી ગણતરી મુજબ ૬૪૫ થી પણ વધારે સિંહો જંગલમાં વસવાટ કરે છે એ સાથે દીપડા તેમજ તૃણાહારી પશુ તરીકે જાણીતા ચિંકારા નીલગાય અને અલગ અલગ કેટેગરીના પશુ પ્રાણીઓ જંગલમાં વસે છે ત્યારે વન્ય પ્રાણીને પીવાના પાણીને લઈને. કોઈ સમસ્યા ઉત્પન્ન ન થાય તે માટે ફેબ્રુઆરીથી લઈને જૂન સુધી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે

મહત્વની વાત તો એ છે કે પાણીના પોઇન્ટમાં વનવિભાગ દ્વારા પાણી ભરવામાં આવે અને ઉનાળાની કાળઝાળ ગરમીથી વન્યપ્રાણીઓને રાહત મળે અને ઉન ઠંડક મળે તેવા હેતુથી પાણીના પોઇન્ટની બાજુમા પલાળીને કોથલાઓ રાખવામાં આવ્યા છે જેથી વન્યપ્રાણી ત્યાં આરામ કરી શકે.

# હળવદના સરા રોડ ઉપર યુવાનને છરીની અણીએ લૂંટી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના સરા રોડ ઉપર આવેલ નર્મદા કેનાલ નજીકથી યુવકને છરી બતાવી બાઈક ઉપર આવેલ અજાણ્યા ત્રણ શખ્સો દ્વારા અપહરણ કરી લઇ જઈ સુમસામ જગ્યાએ લઇ જઈ લાકડીથી બેફામ માર માર્યો હતો. બાદ યુવકના પેન્ટમાં રહેલા રોકડા રૂ.૪,૫૦૦ બળજબરીપૂર્વક કાઢી લીધા હતા તેમજ યુવક પાસે રહેલ મોબાઇલમાંથી ઓનલાઇન રૂપિયા ૧૦ હજાર ટ્રાન્સફર કરી લૂંટ ચલાવી હતી, હાલ બનાવની ભોગ બનનાર યુવક દ્વારા હળવદ પોલીસ મથકમાં અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓનું પગેરું શોધવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

લૂંટના બનાવની પ્રાપ્ત વિગત અનુસાર હળવદ મોટબી ચોકડી પાસે જહોન ડિયર શોરૂમ પાછળ ભાડાના મકાનમાં રહેતા ૨૬ વર્ષીય મૂળ રાજસ્થાન રાજ્યનો વતની પ્રકાશભાઇ ગોપાલભાઇ કુમાવત ગત તા.૧૦/૦૪ ના રાત્રીના ૯.૩૦ વાગ્યે સરા રોડ ઉપર નર્મદા કેનાલ પાસે જતા હોય ત્યારે બાઈક ઉપર આવેલ અજાણ્યા ત્રણ શખ્સોએ પ્રકાશભાઇના ગળાના ભાગે છરી મુકી ભય બતાવી બાઇકમાં કોઈ એક રૂમ ઉપર લઈ ગયા હતા, જ્યાં પ્રકાશભાઈને ધોલ-ધપાટ કરી ભય બતાવી ત્યાંથી કોઇ સુમસામ જગ્યાએ લઈ જઈ લાકડીથી માર મારી પ્રકાશભાઇના પેન્ટના ખિસ્સામાંથી રૂ.૪૫૦૦/- કાઢી લીધા હતા તેમજ પ્રકાશભાઈના મોબાઈલ ફોનમાંથી અન્ય કોઈ અજાણ્યા મોબાઈલ નં.૯૦૧૬૯૭૦૬૩૦ માં ગૂગલ-પે એકાઉન્ટમાં રૂ.૧૦,૦૦૦/- ટ્રાન્સફર કરી કુલ રૂ.૧૪,૫૦૦/- ની લુંટ કરી હતી. બનાવ બાદ યુવાને હળવદ પોલીસ મથકમાં અજાણ્યા ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ અપહરણ, લૂંટ તેમજ જીપી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી લૂંટારાઓને પકડી પાડવા અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# શાપર વેરાવળમાં ગોવિંદનગરમાં એકલવાયા જીવનથી કંટાળી પ્રૌઢનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં આવેલા ગોવિંદનગરમાં રહેતા પ્રૌઢે એકલવાયા જીવનથી કંટાળી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. પ્રૌઢના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ શાપર વેરાવળમાં આવેલા ગોવિંદનગરમાં રહેતા અરવિંદભાઈ નાનજીભાઈ જાદવ નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે ગળેફાંસો આપઘાત કરી લીધો હતો. પ્રૌઢના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતાં તાત્કાલિક પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી પ્રૌઢના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રૌઢે એકલવાયા જીવનથી કંટાળી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# મોરબીના શ્યામ રેસીડન્સીમાં રહેતા પરપ્રાંતીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નાની કેનાલ રોડ ઉપર આવેલ શ્યામ રેસીડન્સી પ્રભાત વીલામાં મૂળ છત્તીસગઢ રાજ્યના રહેવાસી એવા ૩૦ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર મૂળ છત્તીસગઢ રાજ્યના કોદવા ગોડાન તા.પંડરીયા જી.કવર્ધાના વતની હાલ મોરબી નાની કેનાલ રોડ મુનનગરમાં શ્યામ રેસીડન્સી પ્રભાત વિલા-બી માં રહેતા પ્રભાતભાઇ જામલાલ દુર્વા ઉ.વ.૩૦ એ નવા બનતા એપાર્ટમેન્ટમાં કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તેનું અકાળે મોત નીપજ્યુ હતું, હાલ મોરબી એ ડિવિઝન પોલીસે સમગ્ર બનાવની અ.મોત રજી. કરી આગળની તપાસ શરૂ કરી છે.

# આશ્રમ રોડ પર સરાજાહેર યુવતીનો હાથ પકડી ધરાર પ્રેમીએ કરી છેડતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે કુવાડવા રોડ પર આવેલા આશ્રમ નજીક ગઈકાલે સાંજે યુવતી ની સરા જાહેર ધરાર પ્રેમીએ છેડતી કરી નાસી જતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના સામા કઠા વિસ્તારમાં રહેતી અને અભ્યાસ કરતી ૨૪ વર્ષીય યુવતીએ બી ડિવિઝન પોલીસમાં રોહીદાસ પરા શેરી નંબર છ માં રણછોડદાસ બાપુના આશ્રમ પાસે રહેતો વિજય દીપક ચુડાસમા નામના સક્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે સાડા સાત વાગ્યે આશ્રમ રોડ પર જતી હતી ત્યારે આ શકશે પાછળથી આવી હાથ પકડી શરીરના ઉપરના ભાગે હડપલા કરી જાહેરમાં છેડતી કરી નાસી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે બી ડિવિઝન પોલીસમાં એ.એસ.આઇ કેસી સોઢાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# પાડોશીઓ વચ્ચે માથાકુટ થતા પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવનાર હોમગાર્ડ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બી-ડીવીઝન પોલીસ મથકમાં નશાઓ કરેલી હાલતમાં ધમાલ મચાવનાર હોમગાર્ડ સામે ગુનો નોંધાયો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી. રાજકોટના મોરબી રોડ ઉપર આવેલી રાજ રેસિડેન્સીમાં બે પાડોશી વચ્ચે થયેલી મારામારીના બનાવમાં પત્ની સાથે બી-ડિવિઝન પોલીસ મથકે પીધેલી હાલતમાં ફરિયાદ કરવા આવેલ હોમગાર્ડ ધવલ છગનભાઈ સાવલિયાએ ધમાલ મચાવતા તેની સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.મોરબી રોડ પરની રાજ રેસિડેન્સીમાં પાડોશી વચ્ચે થયેલ માથાકૂટ અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા પીસીઆર ત્યાં પહોંચી હતી. રાજ રેસિડેન્સીમાં રહેતા હોમગાર્ડ ધવલ સાવલિયાને પાડોશી હાર્દિક અરવિંદભાઈ રામાણી વચ્ચે ઝગડો થયો હોય બંનેને પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. બી-ડિવિઝન પોલીસ મથકના ઈન્વેસ્ટિગેશન રૂમમાં હોમગાર્ડ ધવલ સાવલિયાએ નશાની હાલતમાં દેકારો કરી ધમાલ મચાવતા કોન્સ્ટેબલ ધનાભાઈ જીવાભાઈ ભુંડિયાએ ધવલ સામે ફરિયાદ નોંધાવી તેની ધરપકડ કરી હતી. સામે પક્ષે ધવલના પત્ની મિતલબેન સાથે ઝઘડો કરનાર હાર્દિક રામાણી સામે પણ મિતલબેનને પોલીસ ફરિયાદને આધારે ગુનો નોંધાયો હતો.

# કોઠારિયા રોડ પર રાજલક્ષ્મી સોસાયટીમાં કોલેજીયન યુવાનનો આપઘાત

## લુણાગરીયા પરિવારના એકના એક પુત્રએ અગમ્ય કારણોસર જીવન ટુંકાવી નાંખતા કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આપઘાતના બે બનાવો સામે આવ્યા છે. જેમાં કોઠારીયા મેઇન રોડ પર રહેતા ૨૦ વર્ષીય કોલેજિયન યુવકે અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જ્યારે બીજા બનાવમાં સદર બઝારમાં રિસામણે રહેલી પત્નીને તેડવા આવેલા પતિએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવાર શોકમાં

બનાવની વિગતો મુજબ કોઠારીયા મેઇન રોડ રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા રાજભાઈ મહેશભાઈ લુણાગરિયા નામના ૨૦ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળાફાસો ખાઈ લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જય તેનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, રાજ લુણાગરિયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો અને માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. અને મૃતકના પિતાને પાનનો ગલ્લો છે. હાલ યુવકના આ ચ પગલું ભરવા અંગેનું કારણ જાણવા પોલીસ તપાસ કરી રહી છે.

# બાઈક સ્લીપ થતા ઘવાયેલા સામાકાંઠેના ભગવતીપરાના યુવાનનું બેભાન હાલતમાં મોત

## બે મહિના પૂર્વે મોટા ભાઈનું કેન્સરની બિમારીથી મોત નિપજ્યું'તું, પરિવારના આધારસ્તંભ બન્ને પુત્રોના મોતથી પરિવારમાં અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે ભગવતીપરામાં સ્વામીનારાયણ ડેરી વાળી શેરીમાં રહેતો યુવાન અચાનક પોતાના ઘરે બેભાન થઈ જતાં તેમને પરિવારે અહીની સરકારી હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યા હતાં. પરિવારે જણાવ્યું હતું કે, યુવક તેમના પત્ની સાથે બહાર જતા હતા ત્યારે કુતરુ આડુ ઉતરતા બાઈક સ્લીપ થતાં દંપતિને ઈજા થઈ હતી. હોસ્પિટલે સારવાર લીધા બાદ યુવકને ઘરે લાવતા સવારે તે પોતાના ઘરે જ ઢળી પડ્યો હતો આ અંગે બી ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરામાં આવેલી સ્વામીનારાયણ



ડેરી વાળી શેરીમાં રહેતા મનોજ ચકુભાઈ ઝરમરીયા (ઉ.વ.૨૭) નામનો યુવાન આજે પોતાના ઘરે સવારના સમયે બેભાન થતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતા તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મનોજ બેભાઈમાં નાનો હતો તેમને સંતાનમાં એક પુત્ર એક પુત્રી છે ગઈ તા. ૬ના રોજ તેમના પત્ની કિરણબેનને સાથે લઈ બાઈકમાં બહાર જતાં હતા ત્યારે કુતરુ આડુ ઉતરતા બાઈક સ્લિપ થયું હતું ત્યારે દંપતિને ઈજા થતાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાં સારવાર લીધા બાદ મનોજને રજા અપાઈ હતી પરિવારે જણાવ્યું હતું કે, બે મહિના પહેલા મનોજનો મોટોભાઈ રમેશનું કેન્સરની બિમારીથી મોત નિપજ્યું હતું બાદમાં હવે મનોજે પણ દમ તોડી દેતા ઘરના આધાર સ્થંભ સમાન બન્ને પુત્રોના મોતથી પરિવારમાં અરેરાટી મચી ગઈ છે.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ભાજપ કાર્યાલય પર રૂપાલાનો વિરોધ કરનાર ક્ષત્રિય સમાજની મહિલાઓની અટકાયત

## કાર્યાલય પર પોલીસનો ચુસ્ત બંદોબસ્તઃ મહિલા પોલીસ અને ક્ષત્રિયાણીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુધ્ધના વિવાદાસ્પદ વિધાનોનો વિરોધ અને બોયકોટ રૂપાલાના નારા સાથે ક્ષત્રિય સમાજની મહિલાઓ પુરુષોતમ ભાઈ રૂપાલાના રાજકોટ ૬૯ના ભાજપના ચુંટણી કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવા પહોંચ્યા હતા. પોલીસે તમામ મહિલાઓની અટકાયત કરી હતી. મહિલા પોલીસ અને ક્ષત્રાણીયો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ક્ષત્રિય સમાજના વધતાં જતાં વિરોધને કારણે ભાજપ માટે મુશ્કેલી વધવાની ભીતિ વ્યકત થવા લાગી છે. થોડા દિવસો પૂર્વે રાજકોટમાં બોયકોટ રૂપાલાના પોસ્ટર મહિલાઓ દ્વારા લગાવવામાં આવ્યા હતા. ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલાનો બહિષ્કાર કરવાનો નિર્ણય ક્ષત્રિય સમાજ દ્વારા લેવવામાં આવ્યો હોય રાજકોટમાં ઘણા દિવસથી રૂપાલાનો વિરોધ ચાલી રહ્યો છે અને હવે આંદોલનમાં વધુ ગંભીર વળાંક આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ક્ષત્રિય સમાજના અગ્રણીઓ જામનગરમાં બનેલી ઘટનાને લઈ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર આવેલ કમલમ ખાતે રજૂઆત માટે ગયા હતા. બીજી તરફ ક્ષત્રિય સમાજના પદ્મિનીબા વાળા સહિતના મહિલા અગ્રણીઓ ૧૫૦ ફૂટ રિંગ રોડ રૂપ અમૃત સાગર પાર્ટી પ્લોટ નજીક રાજકોટ ૬૯ ના ભાજપના પુરુષોતમ રૂપાલાના કાર્યાલય ખાતે વિરોધ કરવા પહોંચ્યા હતા. મહિલાઓ કાર્યક્રમ સ્થળે પહોંચી ત્યારે પોલીસ દ્વારા તમામની અટકાયત કરવામાં આવી હતી જે વખતે મહિલા પોલીસ અને ક્ષત્રિય સમાજની મહિલાઓ વચ્ચે રકઝક પણ થઈ હતી.


# જૂનાગઢમાં ભાવી ભરથારે આપઘાત કરી લેતા યુવતીએ ઝેરી દવા પી આત્મહત્યા કરી

## ભાવી દંપતિની એક સાથે અંતિમયાત્રા નીકળતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં ગત મોડી રાતે અમુક કલાકોના અંતરમાં એક યુવક અને એક યુવતીએ જીવન ટૂંકાવી લીધાનું સામે આવ્યું છે. યુવકે જંગલ વિસ્તારમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધાની જાણ તેની મંગેતરને થતા રાતે યુવતીએ પણ ઘરે ઝેરી દવા પી લઈને આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી છે. ઘટનાથી સમાજ સ્તબ્ધ બન્યો છે, આજે બંનેની એકસાથે અંતિમયાત્રા નીકળી હતી.

આ અંગેની માહિતી મુજબ જૂનાગઢમાં બિલખા રોડ ઉપર ધરાનગરમાં



રહેતા હિરેન બાબુભાઈ ભાસ્કર ઉ.૨૫ ની ગતરાતે ધરાનગરથી ડાબી તરફના ગિરનારના જંગલ વિસ્તારમાં ઝાડ સાથે ઓઢણી બાંધીને ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયેલ હતો, અગમ્ય કારણોસર હિરેન ભાસ્કરે આ પગલું ભર્યાનું સામે આવ્યું છે, તે જ અરસામાં રાતે તેની મંગેતર પૂજા અનિલભાઈ મારૂએ પણ હિરેનના મોતના સમાચાર મળતા તેણીએ ઘરે ઝેરી ટીકડા ખાઈ લેતા તેનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન રાતે ૩ કલાકે મોત થયાનું એ ડિવીઝન પોલીસમાં જાહેર થયું છે.

આ અંગે પુજાના માતા જોશનાબેન અનિલભાઈ મારૂએ એવુ નિવેદન આપ્યું છે કે, તેમને સંતાનમાં બે દીકરી છે, જેમાં મોટી દીકરી સાસરે છે, અને નાની દીકરી પુજાના હજુ થોડા દિવસો પહેલા જ હિરેનસાથે સગાઈ કરવામાં આવી હતી, અને રાતે હિરેનના સમાચાર મળતા પૂજાએ પણ ઝેરી ટીકડા ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે હાલ તો ભવનાથ પોલીસ અને એ ડિવીઝન પોલીસ બનાવની તપાસ ચલાવી રહી છે, ત્યારે બંનેના મોતના પગલે તેમના પરિવાર અને સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે, અને આજે બંનેની અંતિમયાત્રા પણ સાથે કાઢવામાં આવી હતી.

# ગંજીવાડામાં મહાકાળી ચોક પાસે વહેલી સવારે બેભાન થઈ જતા યુવાનનું મોત

## રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે સોમનાથ સોસાયટીમાં મારામારીમાં બે યુવાનોને ઈજા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે ગંજીવાડામાં વહેલી સવારે બેભાન થઈ જતા યુવાનનું મોત થયું હોવાનું અને રયા ટેલીફોન એક્સચેન્જ પાસે આવેલા સોમનાથ સોસાયટીમાં મારામારીમાં સામસામે બે યુવાનને ઈજા થઈ હોવાનું પોલીસમાં નોંધાયું છે.

આ અંગેની માહિતી મુજબ ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા વિસ્તારમાં મહાકાળી ચોક પાસે રહેતો હિતેશ જાદવભાઈ સરવૈયા નામનો યુવાન વહેલી સવારે પોતાના ઘરે બેભાન થઈ





જતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને જોઈ તપાસી મૃતક જાહેર કરતા પરિવારમાં ઘેરો શોખ આપી ગયો હતો બનાવની જાણ થોરડા પોલીસ માં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જ્યારે અનેક બનાવમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ટેલિફોન એક્સચેન્જ પાસે સોમનાથ સોસાયટી શેરી નંબર ત્રણમાં રહેતો નિશાંત ચીમનભાઈ મારુ નામનો યુવાન ગઈકાલે સાંજે ૬:૩૦ વાગે ચાર રસ્તા પાસે આવેલ સુપર હેર આર્ટ ની દુકાન પાસે હતો ત્યારે પીન્ટુ તથા હાર્દિક ઉર્ફે બીજું સહિતના શખ્સોએ કોઈ ધારદાર હથિયાર વડે હુમલો કરી માર મારતા યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો જ્યારે સામા પક્ષે બીટુ ઉર્ફે અજય મુકેશ ચૌહાણ નામના યુવાનને નિશાન તે કોઈ ધારદાર હથિયાર વડે છાતીના ભાગે માર મારતા સારવારમાં ખસેડવામાં આવ્યો હતો બનાવના પગલે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે

# મકાન માલિકે મજુરીના રૂા.૮ લાખ નહીં ચુકવતા કોન્ટ્રાકટરનો આપઘાતનો પ્રયાસ

## મજુરી કામના નાણા નહિ મળતા કોન્ટ્રાકટર આર્થિક ભીંસમાં આવ્યા બાદ પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે આવેલ મધુવન સોસાયટીમાં કોન્ટ્રાકટરે મકાન બનાવ્યા બાદ મકાન માલીકે આ મકાન ગમતુ નથી પાડી નાખો તેમ કહી મકાન પાડી નાખુ હતુ અને માથે જતા કોન્ટ્રાકટરને ચૂકવવાના રૂા.૮લાખ પણ ના આપતા કોન્ટ્રાકટરે તેમની બેડી ગામ પાસે ચાલતી સાઈટ પાસે ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની



જાત થતાં કુવાડવા પોલીસે કોન્ટ્રાકટરનું નિવેદન લેવા તપાસ શરૂ કરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર મોરબી રોડ પર ઉત્સવ સોસાયટીમાં રહેતા વસંતભાઈ ભીખાભાઈ કાકડીયા (પટેલ ઉ.વ.૫૫) એ બેડીગામ પાસે તેમની સાઈટ નજીક કોઈ ઝેરી દવાપી લેતા તેમને સારવાર માટે અહિની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.વસંતભાઈ સંતાનમાં બે દિકરા છે.પોતે ચાર ભાઈ અને બે બહેનમાં મોટા છે. વસંતભાઈએ આક્ષેપ સાથે જાણાવ્યું હતુ કે, પોતે મકાન બાંધકામનો કોન્ટ્રાકટ રાખે છે. તેઓએ હાલમાં જ મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસે આવેલી મધુવન સોસાયટીમાં રહેતા દિલીપભાઈ બોરીચાનું દોઠેક મહિના પહેલા મકાન બાંધકામનું કામ રાખ્યુ હતુ અને તે મકાન તૈયાર થયા બાદ દિલીપભાઈએ કહ્યું કે આ મકાન મને ગમતુ નથી પાડી નાખો જેથી જેટલુ મકાન બાંધ્યુ હતુ તે મકાન પાડી નાખ્યુ હતુ અને દિલીપભાઈ પાસેથી મજુરીના અને મજુરોને આપવાના રૂા.૮લાખ માંગ્યા હતા જેથી દિલીપભાઈએ પૈસા આપવાની ના પાડી દેતા કોન્ટ્રાક્ટર વસંતભાઈએ બેડી પાસે આવેલી તેમની સાઈટ પાસે ઝેરી દવા પી લીધી હતી.આ અંગે હોસ્પિટલ પોલીસ ચોકીના હેડકોન્સ્ટેબલ રામસીભાઈ વરુ અને કોન્સ્ટેબલ બળુભાઈએ કુવાડવા પોલીસને જાણ કરતા પોલીસે વસંતભાઈનું નિવેદન લેવા તજવીજ શરૂ કરી છે.

# ગોંડલના ખાટલીલોરી ગામે સાળી-બનેવીનો સજોડે આપઘાતઃ અરેરાટી

## પ્રેમી પંખીડા ભાગી ગયા બાદ બંને એક નહીં થઈ શકે તેવા ડરથી ઝાડની ડાળીએ ગળાફાંસો ખાઈને મોતને મીઠુ કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાનાં પાટખીલોરી ગામ ની સીમ માં આવેલી વાડીમાં મધ્યપ્રદેશ નાં પ્રેમી પંખીડાએ ઝાડ ની ડાળીમાં લટકી આત્મહત્યા કરી હતી.બન્ને પ્રેમી યુગલ સબંધ માં સાળી બનેવી થતા હતા.જેમાં સાળી સગીર વયની હતી.રાત્રે બનેલી ઘટનામાં સવારે વાડી માલિક ને જાણ થતા સુલતાનપુર પોલીસ ને જાણ કરી હતી.દોડી આવેલી પોલીસે બન્નેનાં મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા.

આ અંગેની માહિતી મુજબ મધ્ય પ્રદેશ નાં બરહનપુર જીલ્લાનાં ડુંડગામ રહેતા ચંપીલાલ સુરસંગ બરડે ઉ.૧૯ ને તેની સગીર વય ની સાળી સાથે પ્રેમ સંબંધ બંધાતા પ્રેમ ને સમાજ કે પરીવાર સ્વીકારશે નહી તેવી લાગણી સાથે ગત



૧૫ માર્ચ ની આસપાસ બન્ને ઘરે થી નાશી છુટયા હતા. અહીંતહીં રખડી પંદર દિવસ પહેલા ગોંડલ નાં પાટખિલોરી ગામે ચંદુભાઈ રવજીભાઈ ગોળ ની વાડીએ ખેતમજુરી કરવા રહ્યા હતા.

દરમ્યાન આ જન્મ માં એક થઈ જીવવું શક્ય નહી લાગતા પ્રેમ માં ઓતપ્રોત પ્રેમી પંખીડાએ ગત રાત્રે વાડીમાં લીમડા નાં ઝાડની ડાળીએ સજોડે લટકી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સવારે વાડી માલિક વાડીએ આવતા અને ઝાડ ની ડાળીએ બન્નેની લાશ લટકતી જોઈ હબકી ગયા હતા.બાદ માં સુલતાનપુર પોલીસ માં રખ૭ કરતા પીએસઆઇ. આર.જે.જાડેજા તથા જમાદાર હિતેશભાઈ ગરેજા ઘટનાસ્થળે દોડી જઈ બન્નેનાં મૃતદેહ નીચે ઉતારી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. પોલીસ સુત્રો અનુસાર ચંપીલાલ અને પોતાની સગી બહેન વચ્ચેનાં પ્રેમ ની જાણ ચંપીલાલ ની પત્નીને થતા અને પ્રેમી પંખીડા નાશી છુટતા પત્નિ ઘર છોડી માવતર ચાલી ગઈ હતી. બનાવ અંગે હિતેશભાઈ ગરેજા એ તપાસ હાથ ધરી છે.

# કુવાડવા રોડ પોલીસ મથકના કોન્ફરન્સ હોલમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા કુવાડવા રોડ પોલીસ મથકના કોન્ફરન્સ હોલમાં આગ ભભૂકી ઉઠી હતી. પોલીસ સ્ટેશનના બીજા માળે આવેલ કોન્ફરન્સ રૂમમાં એસીના વાયરીંગમાં શોર્ટ સર્કીટ થતાં આગ લાગી હતી જેથી તણખા ઉઠતાં વાયરીંગ અને હોલમાં પડેલી ખુરશીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. - આગની જાણ થતાં પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને અગ્નિશામક સાધનો વડે આગ બુજાવવા પ્રયત્નો હાથ ધર્યા હતાં.

દરમિયાન ફાયરબ્રિગેડને જાણ





કરવામાં આવતાં બેડીપરા ફાયરબ્રિગેડનો સ્ટાફ તાત્કાલીક ફાયર ફાઈટર સાથે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયો હતો. જો કે ફાયર બ્રિગેડનો સ્ટાફ પહોંચે તે પહેલા જ પોલીસ સ્ટાફ દ્વારા આગ બુજાવી નાખવામાં આવી હતી. આગમાં મોટુ નુકસાન કે જાનહાની થવા પામી ન હતી.

# ગૌતમ નગરમાં રિસામણે બેઠેલી પત્નીને તેડવા આવેલા બનેવી સહિત બેનો સાળા પર છરી વડે હુમલો

## આંબેડકર નગરમાં વૃદ્ધને પુત્ર અને પુત્ર વધુએ માર મારતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અક્ષર માર્ગ પર આવેલા ગૌતમ નગરમાં પત્નીને તેડવા આવેલા બનેવી નો શાળા પર છરી વડે હુમલો કરતા અને આંબેડકર નગરમાં વૃદ્ધને પુત્ર અને પુત્રવધુ એ માર મારતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ અક્ષર માર્ગ પર આવેલા ગૌતમ નગર શેરી નંબર ૪ માં રહેતો દીપક દિનેશભાઈ બહુકિયા નમના કોળી યુવાને માલવિયા નગર પોલીસમાં તેના બનેવી મયુર રવજી છનુરા અને તેના ભાઈ અલ્પેશ રવજી છનુરા રહે વૈશાલી નગર રૈયા રોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેની બહેન રિસામણે બેઠી હોય ત્યારે પત્નીને તેડવા આવેલા બનેવી અને તેના ભાઈએ ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી છરી અને ધોકા વડે હુમલો કરી યુવાનને હાથે પગે માથામાં ગંભીર ઇજા કરી નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે એએસઆઈ એ જે કાનગળે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ૮૦ ફુટ રોડ પર આવેલા આંબેડકર નગર મેઈન રોડ પર શેરી નંબર ત્રણ સામે રહેતો લાલજીભાઈ ભાણજીભાઈ ચાવડા વૃદ્ધને તેનો પુત્ર અજય ઉર્ફે વિશાલ અને તેની પત્ની દેવલ યે પલંગ પર બેઠેલા કૂતરાને હટાવવા બાબતે ઝઘડો કરી લોખંડની સાણસી વળે માર મારતા વૃદ્ધને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા બનાવના પગલે ઘોરડા પોલીસને જાણ કરવામાં આવતા એડ કોસ્ટેબલ ભાવેશ ઝેડ વસવેલીયા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.


# ભાવી સાસરિયાઓએ જાન લઈ આવવાનો ઈન્કાર કરતા યુવતીનો આપઘાત

## કેશોદના ટીટોડી ગામનો બનાવઃ સ્યુસાઈટ નોટ મળી

**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદ નજીક આવેલા ટીટોડી ગામે રહેતી યુવતીનું સગપણ બાજુમાં આવેલ ખીરસરા ગામે થયું હતું. યુવતીના સાસરીયા પક્ષ દ્વારા જાન લઈને આવવાની અને પાંચ તોલા સોનાના દાગીના ચડાવવાનો છેલ્લી ઘડીએ નનૈયો ભણતાં યુવતીને લાગી આવતાં સ્યુસાઇડ નોટ લખી ઝેરી દવા પી લેતાં મોત નીપજ્યું હતું.

કેશોદના ટીટોડી ગામની અસ્મિતા



નામની યુવતીએ ઝેરી દવા પી મોતને વ્હાલું કરી જીવનનો અંત આણ્યો હતો. જે યુવક સાથે સબંધ હતો તેના પરીજનો પહેલા હા કહી બાદમાં છેલ્લી ઘડીએ નક્કી કરેલી વાતથી ફરી જતાં યુવતીને માઠું લાગતા તેણીએ મોત મીઠું કર્યું હતું.

કેશોદના ટીટોડી ગામની મૃતક યુવતીના પરિવારજનોએ જાહેર કરતાં કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી.સી.ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર અનિરુદ્ધસિંહ ગોહિલ સ્યુસાઈડ નોટના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

# સદર બજારમાં ઠકકરબાપાવાસમાં સસરાના ઘરે જમાઈનો ગળાફાંસો ખાઈ આપઘાત

## કોઠારીયા સોલવન્ટમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખતા અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સદરબજાર વિસ્તારમાં સસરાના ઘરે પખવાડિયાથી રહેવા આવેલા સાયલા પંથકના યુવાને કામ ધંધો ન મળતાં આર્થિક ભીંસથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. સવારે પુત્રી ઉઠાડવા જતાં પિતાનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ મુળ સાયલા તાલુકાના કેરાળા ગામના વતની અને હાલ



સદરબજારમાં ઠક્કરબાપા હરિજનવાસ શેરી નં.૫માં રહેતા વિનોદ કાનાભાઈ બારૈયા (ઉ.૩૦) નામના યુવાને ગત મોડી રાત્રે પોતાના સસરાના ઘરે ઓરડીમાં લોખંડના એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે તેની પુત્રી ઓરડીમાં ઉઠાડવા માટે ગઈ ત્યારે પિતાનો લટકતો મૃતદેહ જોઈ હતપ્રભ બની ગઈ હતી. આ અંગે પરિવારને જાણ થતાં તેઓ દોડી આવ્યા હતાં. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક વિનોદ બે ભાઈમાં નાનો અને તેને સંતાનમાં પાંચ દીકરી હોવાનું જાણવા મળ્યું છે. મૃતકને દારૂ પીવાની કુટેવ હતી અને કામ ધંધો નહીં મળતાં છેલ્લા પંદર દિવસથી પરિવાર સાથે સસરાના ઘરે આવી ગયો હતો. પરંતુ અહિં પણ કામ ધંધો મળતો નહીં હોવાથી આર્થિક ભીંસમાં આવી જઈ આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પાંચ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી દેતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જ્યારે બીજા બનાવમાં શહેરની ભાગોળે ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટમાં આવેલા હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતા સુનિલ ઉમેશભાઈ સોલંકી (ઉ.૩૨) નામના યુવાને ગતરાત્રે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં આજી ડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.એમ. ધરજીયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન બે ભાઈમાં મોટો અને તેને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. તેણે એક વર્ષ પહેલા છુટાછેડા લીધા હતાં. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.